**વિષય :—સિંચાઈ યોજનાઓના બંધના સ્થળે પહોંચવા માટે જરૂરી રસ્તાઓ હોવા બાબત**

**ગુજરાત સરકાર સિંચાઈ વિભાગ ઠરાવ ક્રમાંક /એમ આઈપી/૨૨૮૦/ક/૧, સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી ઓકટોબર,૧૯૮૬.**

મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓનાં કામો પુરાં થયા બાદ તેનાં અસરકારક સંચાલન અને વહીવટ માટે તેમજ તાકીદની અને ખાસ કરીને ચોમાસાના સમયમાં તાકીદની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે બંધના સ્થળે કોઈ-પણ જાતની રૂકાવટ વગર પહોંચવું એ ઘણું જ આવશ્યક અને જરૂરી છે. આ સંદર્ભમાં ઉપર જણાવેલ તાંત્રિક પરિપત્રો અને સૂચનાઓ વડે સિંચાઈ વિભાગ / નર્મદા વિકાસ વિભાગ હેઠળના અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું છે કે જેથી જે જે કિસ્સામાં આ જરૂરીયાત પૂરી થતી ન હોય તે માટે સક્રિય કાર્યવાહી કરીને, યોજનાના સ્થળે વર્ષના કોઈપણ સમયે પહોંચી શકાય.

આમ છતાં, વિભાગને મળતા અહેવાલો તેમજ જુદી જુદી કક્ષાએ જયારે આ બાબત સમીક્ષા કરવામાં આવી છે ત્યારે કેટલાક કિસ્સામાં હજી આ કામગીરી થઈ નથી અથવા તે માટે ઉદાસીનતા સેવાઈ રહી છે તેમ ફલિત થયું છે. તાજેતરમાં જુલાઈ ૮૬ દરમ્યાન વિધાનસભાની ખાતરી સમિતિ સમક્ષ આ બાબત જયારે સ્પષ્ટતા કરવામાં આવી ત્યારે ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારની કેટલીક યોજનાઓમાં આ ઉણપ હજી પણ જોવા મળી છે તે હકીકત છે. સૌરાષ્ટ્ર વિસ્તારની યોજનાઓ જેવી કે રોજકી, માલણ, બ્રાહ્મણી, આંબાજળ વિગેરેને આ બાબત લાગુ પડે છે. વધુમાં ચોમાસું ૧૯૮૬ની શરૂઆતમાં મુખ્ય સચિવશ્રી કક્ષાએ જયારે વિભાગ હેઠળની બાબતોની સમીક્ષા કરાઈ તેમજ ખાસ કરીને ચોમાસા દરમ્યાન જે પરિસ્થિતિ ઉભી થાય તેને પહોંચી વળવા માટે જે બાબતોમાં વાર્ષિક રીતે તાંત્રિક ધોરણો સંભાળવા માટે જુદી જુદી વખતે જે સૂચનાઓ રાજય સરકાર તરફથી અપાય છે તેમાં પણ બંધના સ્થળે પહોંચવા માટે સ્થાનિક વિસ્તારોની ભૌગોલિક સ્થિતિઅનુસાર ઉચ્ચ સપાટીવાળો યોગ્ય એપ્રોચ રોડ હોવો જોઈએ તેમ જણાવાયું છે. તાકીદની પરિસ્થિતિમાં બંધના સ્થળે પહોંચી શકાય નહિ તો તેને લઈને જે કોઈ પરિસ્થિતિ હલ કરવા માટે રાજય સરકાર સક્ષમ હોય તેમ છતાં સ્થળ પરની કામગીરીને અભાવે કામગીરી થઈ શકે નહિ તેમજ બિનજરૂરી રીતે વધુ નુકશાન અને જાનહાનિ થવાના પ્રસંગો ઉભા થઈ શકે.

**ઠરાવ**

મોટી અને મધ્યમ યોજનાઓ તેમજ નાની સિંચાઈ યોજનાઓના કામો માટે બંધ સુરક્ષા તેમજ ચોમાસા દરમ્યાન કોઈપણ તાકીદની પરિસ્થિતિને હલ કરવા માટે યોજનાના બંધના સ્થળે પહોંચવા માટે નજીકના એમ. ડી. આર. કક્ષાના રસ્તા સાથે યોજનાના સ્થળને જોડતો રસ્તો કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે. આ રસ્તો સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ તેમજ પથરેખા પ્રમાણે, સ્થાનિક નદીનાળાની ઉચ્ચત્તમ સપાટી કરતાં ઉંચો હોવો જોઈએ તેમજ બારેમાસ આ રસ્તો યોજનાનાં ઉપયોગી કામો માટે વપરાશમાં લઈ શકાય તેવી કક્ષાનો ડામરની પાટી સુધીનો Single lane તૈયાર કરવો જોઈએ. કેટલીકવાર યોજના વડે આ પ્રમાણે તૈયાર કરવામાં આવેલો રસ્તો અને સ્થાનિક જીલ્લા માર્ગો વચ્ચે આયોજન તેમજ સંબંધિત કામગીરી કયા વિભાગે કરવી જોઈએ તે બાબત ભિન્ન-ભિન્ન પરિસ્થિતિ પ્રવર્તતી હોઈ, એક યા બીજા કારણે યોજનાના બંધના સ્થળે પહોંચવા માટે ઉપર જણાવ્યા પ્રમાણેનો રસ્તો થઈ શકતો નથી. આ સંદર્ભમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

(અ) સામાન્ય રીતે નજીકમાં નજીકના (Nearest) જીલ્લા કક્ષાના માર્ગોમાંથી યોજનાના ખર્ચે એપ્રોચ રોડ સિંચાઈ વિભાગે કરવો.

(બ) જે કિસ્સામાં જીલ્લા કક્ષાના માર્ગો આયોજન પ્રમાણે તેમજ ચાલુ બાંધકામ પ્રમાણે રાજયના રસ્તા અને મકાન વિભાગ હેઠળ હોય અથવા જીલ્લા પંચાયતના કાર્યક્ષેત્ર હેઠળ હોય તો આવા રસ્તાઓનું બાંધકામ જરૂરી પુલો અને નાળાઓ સહિત વર્ષના કોઈપણ સમય દરમ્યાન ઉપયોગમાં લઈ શકાય તેવી ઉંચી સપાટી-વાળા ધોરણે પુરૂ કરાવવા બાબત સિંચાઈ વિભાગના સંબંધિત અધીક્ષક ઈજનેરની કક્ષાએ સંકલનની કાર્ય-વાહી કરાવી જે તે વિભાગ વડે સત્વરે પુરૂ કરાવાય તેમ જોવું.

(ક) પૂરી થયેલી યોજનાઓમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તાર માટેની યોજનાઓ માટે યોજનાવાર નાણાંકીય જોગવાઈ ૧૯૮૭-૮૮ના વર્ષમાં કરાવવામાં આવે તેમજ તે માટે જરૂરી સુધારેલી વહીવટી મંજૂરી અથવા સમગ્ર તાંત્રિક મંજૂરી ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં એટલે કે માર્ચ, ૮૭ પહેલા મેળવી લેવાય તે પ્રમાણે ગોઠવણ કરવી કે જેથી આવા કામો આવતા નાણાકીય વર્ષમાં હાથ ધરી શકાય અને સમયસર પૂરા કરાવી શકાય.

(ડ) નવી મોટી અને મધ્યમ કક્ષાની યોજનાઓ કે જે માટે હજી વહીવટી મંજૂરી મેળવવી બાકી છે તે માટે સિંચાઈ વિભાગને કરવાના થતા એપ્રોચ રોડ માટે પૂરતી જોગવાઈ બધાં જ પૂલો અને નાળાઓ સહિત, પહેલેથી જ કરવામાં આવે તે જરૂરી છે કે જેથી એક વખત વહીવટી મંજૂરી મળ્યા બાદ આવા રસ્તાઓના બાંધકામ ક્ષેત્રિય કક્ષાએ જરૂરી મંજૂરી આપીને, કોઈપણ વિલંબ વિના સત્વરે કરાવી શકાય. વહીવટી મંજૂરીની દરખાસ્તો તૈયાર કરતી વખતે આવા રસ્તાઓ માટે પૂરતી નાણાંકીય જોગવાઈ પ્રત્યેક કિલોમીટર દીઠ વાસ્ત-વિક રીતે થઈ શકે તે માટે માર્ગ અને મકાન વિભાગના પત્રનં. આરડીપી-૧૦૮૫-જીઓ.આઈ-૨૫૫-૧૦-સી તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૮૬ સાથે બીડવામાં આવેલા પરિશિષ્ટ-લ ની નકલ પાઠવવામાં આવી છે. જેમાં

નવા રસ્તાઓનાં બાંધકામ તેમજ અન્ય સૂચિત બાંધકામો અંગે પ્રત્યેક કિ.મી. દીઠ રસ્તાઓનો અંદાજ જણાવવામાં આવેલ છે. આ પરિશિષ્ટમાં જે કિંમત દર્શાવી છે તેને હવે પછીનાં વર્ષો માટે ભાવ વધારો ગણતાં, જરૂરી વધારો કરીને દરખાસ્તની મંજૂરી મેળવી શકાય.

(ઈ) ઘણાખરા કિસ્સામાં સિંચાઈ વિભાગ હસ્તક જે અપ્રોચ રોડ સ્થાનિક જીલ્લા માર્ગોને જોડતા આ ઠરાવના હેતુ માટે કરવાનો હોય છે. તેની લંબાઈ પાંચ કિ.મી. કરતાં પણ ઓછી હોય છે. સામાન્યપણે રસ્તાઓના બાંધકામ માટે સ્થાનિક ખાણો અને વિસ્તારોમાંથી મળતા માલસામાનનો વધુને વધુ ઉપયોગ કરવો જોઈએ કે જેથી દૂરના સ્થળેથી મોંઘા ભાવે રબલ, મેટલ, કપચી વિગેરે લાવવાં ન પડે. સિંચાઈ યોજનાઓમાં ઘણાખરા કિસ્સામાં બંધના કામોમાંથી જે ખોદાયેલો માલ વધારાનો ઉપલબ્ધ હોય છે. તેનો ઉપયોગ આવા રસ્તાઓના ફોર્મેશન તેમજ સોલીંગ વિગેરે માટે સારી રીતે કરી શકાય. ફક્ત જરૂર પૂરતી જ મેટલ, કપચી વિગેરે લાવવાની જરૂર રહે. જે કિસ્સામાં યોજનાઓમાંથી મળતા વધારાના આવા ખોદકામ તેમજ મુખ્ય નહેરની શરૂઆતની લંબાઈમાં પણ જે આવા ખોદકામ આવા કામ માટે વાપરી શકાય તેમ હોય તો તેનો મહત્તમ ઉપયોગ કરીને અપ્રોચ રસ્તાનાં કામો શક્ય હોય તેટલી ઓછી કિંમતે કરવાનું પણ ક્ષેત્રિય અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

આમુખમાં જણાવેલી પરિસ્થિતિ તેમજ યોજનાકીય કામોના અસરકારક વહીવટ માટે ઉપર પ્રમાણે આદેશો અપાયા છે તેનો ચુસ્તપણે અમલ થાય તેમજ જયાં સુધી આવી કામગીરી પૂરી ન થઈ શકે ત્યાં સુધી સિંચાઈ વિભાગે વૈકલ્પિક ગોઠવણ કરીને બંધના સ્થળે પહોંચી શકાય તેમ કરવા ક્ષેત્રિય અધિકારીઓને આથી જણાવવામાં આવે છે. હવે પછી આ બાબત કોઈ દુર્લક્ષ સેવવામાં આવશે તેમજ કોઈ સક્રિય કામગીરી આ રસ્તાઓ પૂરા કરવા માટે નહિ કરાશે તો તે માટે સંપૂર્ણ જવાબદારી સ્થાનિક અધિકારીઓની રહેશે.

આ ઠરાવ, વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૮૬ની સંમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.